PHONE : 2578501
FAX : (0281) 2586983
e-mail : registrar@sauuni.ernet.in
Web site : www.saurashtrauniversity.edu

ફોન નં. : ૨૫૭૮૫૦૧
ફેક્સ : (૦૨૮૧) ૨૫૮૬૯૮૩

# SAURASHTRA UNIVERSITY

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Office of the
Saurashtra University
University Road,
RAJKOT - 360 005.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય
યુનિવર્સિટી રોડ,
રાજકોટ - ૩૬૦ ૦૦૫.

XXXXXXXXXXXXXXXXXXXXXXXXXX
XXXXXXX

Re-Accredited Grade "A" by NAAC

નં.પીએલજી/યુજીસી/મિસે/ ૯૬૨ /૨૦૧૮ તા.૦૪/૧૦/૨૦૧૮

વિષય:–યુનિવર્સિટી માન્ય સંલગ્ન કોલેજો / અનુસ્નાતક ભવનો/કેન્દ્રોમાં એમ.ફીલઅને પીએચ.ડી.નો અભ્યાસ કરતાં અને ફેલોશીપ મેળવતા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓએ પ્રગતિ અહેવાલ મોકલવા બાબત.

સંદર્ભ:–(૧)મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી,રાજકોટના તા.૨૭/૮/૧૮નો પત્ર
(૨) કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી,ગાંધીનગરના તા.૦૨/૦૮/૧૮નો પત્ર

<u>પરિપત્ર:–</u>

આથી આ યુનિવર્સિટી સાથે સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, યુનિવર્સિટી અનુસ્નાતક ભવનના વડાઓ તથા અનુસ્નાતક કેન્દ્રોના સંચાલકશ્રીઓને જણાવવાનું કે કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી ગાંધીનગરના તા.૨/૮/૧૮ના પત્ર અને તે અનુસંધાને મદદનીશ કમિશ્નરશ્રીની આદિજાતિ વિકાસની કચેરી રાજકોટના તા.૨૭/૮/૧૮ના પત્રમાં જણાવ્યા અનુસાર તેઓની કોલેજ/અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોમાં એમ.ફીલ અને પીએચ.ડી.નો અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિઓના વિદ્યાર્થીઓ કે જેઓ નેશનલ ફેલોશીપ એન્ડ સ્કોલરશીપ ફોર હાયર એજ્યુકેશન ઓફ એસ.ટી. યોજના અંતર્ગત ફેલોશીપનો લાભ મેળવતા હોય એવા તમામ વિદ્યાર્થીઓનો પ્રગતિ અહેવાલ પત્રમાં દર્શાવ્યા મુજબ સબંધિત કચેરીને મોકલી તેની જાણ યુજીસી વિભાગને કરવા વિનંતી. સંદર્ભ પર દર્શાવેલ બંને પત્રોની નકલ સામેલ છે.

કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રી
(૨) યુનિવર્સિટી સંલગ્ન અનુસ્નાતક કેન્દ્રોના સંચાલકશ્રી
(૩) યુનિવર્સિટી અનુસ્નાતક ભવનોના તમામ વડાઓ

નકલ રવાના:–
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
(૨) નાયબ કુલસચિવશ્રી,એસ.સી.એસ.ટી.સેલ વિભાગ
(૩) મદદનીશ કુલસચિવશ્રી પી.જી.ટી.આર.વિભાગ

તાત્કાલીક

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ
સામાન્ય વિભાગ
30 AUG 2018
ઈનવર્ડ નંબર 2230
વિભાગ

નં.મક/આવિ/ફેલોશીપ&સ્ટાઇપેંડ/૨૦૧૮-૧૯/ 2595
મદદનિશ કમિશ્નરશ્રીની આ. વિ.ની કચેરી,
જિલ્લા સેવા સદન-૩ બ્લોક નં.૧ ૧લો માળ,
સરકારી પ્રેસની બાજુમાં, રાજકોટ
તા. ૨૭/૦૮/૨૦૧૮

અનુસ્નાતક વિભાગ
ઇનવર્ડ નંબર 9167
તારીખ 31/8/18

પ્રતિ,
રજીસ્ટ્રારશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સીટી,
રાજકોટ.

વિષય: ભારત સરકારશ્રીની "National Fellowship & Scholarship for higher Education of ST student" યોજના અંતર્ગત એમ.ફિલ અને પી.એચ.ડી અને એમ.ફીલ પછી પી.એચ.ડી. જેવા સંશોધનીય અભ્યાસક્રમમાં લાભ મેળવેલ વિદ્યાર્થીઓના પ્રગતી અહેવાલ મોકલવા બાબત.

સંદર્ભ: ૧) અત્રેની કચેરીની વડી કચેરીના પત્ર નં./આવિ/શિક્ષણ/ફ્ર.નં./૧૧૪૬/૨૦૧૭-૧૮/૧૧૪૨ થી ૧૧૫૯.
૨) આદિજાતી વિકાસ વિભાગના તા. ૨૭/૦૬/૨૦૧૮નાં પત્ર ક્રમાંક નં પીએમેસ/૨૦૨૦૧૮/૪૩/ગ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે ભારત સરકારના આદિજાતી મંત્રાલયનાં પત્ર મુજબ તેમજ આદિજાતી વિકાસ વિભાગ અને અત્રેની કચેરીની વડી કચેરીના સંદર્ભ દર્શિત પત્ર મુજબ પી.એચ.ડી અને એમ.ફીલ કરતા અનુ જન જાતી ના આપની સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જે આ સાથે લિસ્ટમાં સામેલ છે તેઓના પ્રગતી અહેવાલ તાત્કાલીક મોકલી આપવા તેમજ જો વિદ્યાર્થીનો અભ્યાસ ચાલુ હોય તો સંદર્ભદર્શિત પત્ર (૧) ની (૧) થી (૩) સૂચના મુજબની કાર્યવાહી કરવી અને જો કોઇ વિદ્યાર્થીએ અધવચ્ચે અભ્યાસક્રમ છોડી દિધેલ હોય તો સંદર્ભદર્શિત પત્ર (૧) ની સૂચના (૪)મુજબ કાર્યવાહી કરવી. આમ સંદર્ભ દર્શિત પત્રમાં દર્શાવ્યા મુજબ કાર્યવાહી તાત્કાલીક કરવા અને આપની સંસ્થાના વિદ્યાર્થીઓના અહેવાલ મોકલી આપવા સૂચન છે.

મદદનિશ કમિશ્નર (વર્ગ - ૧)
આદિજાતી વિકાસ
રાજકોટ

નકલ સવિનય રવાના:

૧) કમિશ્નર સાહેબ શ્રી
આદિજાતી વિકાસ,
બિરસા મુંડા ભવન, સેક્ટર ૧૦/એ,
ગાંધિનગર.

C:\Users\Admin\Desktop\general frd.docx

નં./આવિ/શિક્ષણ/ફા.નં.૧૧૧૬/૨૦૧૭-૧૮/ 1142 થી 1159

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી,
બિરસામુંડા ભવન, સેક્ટર-૧૦/એ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
Email-hoeducation1@gmail.com
તા.૯/૦૮/૨૦૧૮

પ્રતિ,
(૧) મદદનીશ કમિશનરશ્રી,
(આદિજાતિ વિકાસ)
મુ.રાજકોટ. જિ.રાજકોટ.
(૨) આદિજાતિ વિકાસ અધિકારીશ્રી,
(આદિજાતિ વિકાસ)
મુ.............જિ..................

તકેદારી અધિકારી
(આદિજાતિ વિકાસની કચેરી,
ઈનવર્ડ નં. 3646
તા. 25/8/18

વિષય- ભારત સરકારની " National Fellowship & Scholarship for Higher Education of ST Student" યોજના અંતર્ગત એમ.ફીલ, પીએચડી, એમફીલ બાદ પીએચડી જેવા સંશોધનીય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા અને ઉપરોક્ત યોજનામાં ફેલોશીપનો લાભ મેળવેલ વિદ્યાર્થીઓનો પ્રગતિ અહેવાલ મોકલવા બાબત.

સંદર્ભ: આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૭/૦૬/૨૦૧૮નો પત્રક્રમાંક ન. પીએમએસ/૨૦૨૦૧૮/૪૩/ગ.

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકારના આદિજાતિ મંત્રાલયનો તા.૨૬/૦૭/૨૦૧૮ પત્રક્રમાંક નં.F.11021/02/2018-Sch ની નકલ અત્રે મળવામાં છે. જે યાદીમાં યુજીસી માન્ય તેમજ યુજીસી/આઇસીએઆર ના નિયમોનુસાર ચાલતા રેગ્યુલર તથા ફુલટાઇમ એમફીલ, પીએચડી તેમજ એમ.ફીલ બાદ પીએચડી જેવા સંશોધનીય અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં અનુસુચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફેલોશીપ યોજના અંતર્ગત વર્ષ-૨૦૧૭-૧૮માં Scholarship.gov.in નામની વેબસાઇટ ઉપર ઓનલાઇન કરેલ અરજી મુજબ તેઓની અરજીને સ્વીકારીને નિયમોનુસાર તેની ચકાસણી કર્યા બાદ ફેલોશીપ આપવામાં આવેલ છે. તેવા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે. આ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીની ભારત સરકારનો ઉપરોક્ત પત્રમુજબ તેઓનો પ્રગતિ અહેવાલ નીચે મુજબના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કોલેજ/યુનિવર્સિટીનો ડીન/રજિસ્ટ્રાર/આચાર્યશ્રી વગેરે પાસેથી મેળવીને મોકલી આપવાનો રહેશે. ઉપરોક્ત કાર્યવાહીને ટોચ અગ્રીમતા આપવાની રહેશે.

(૧) તેઓએ નિયમોનુસાર તેઓના થેસીસની હાર્ડકોપી તથા સોફ્ટકોપી મીનીસ્ટ્રી ઓફ ટ્રાયબલ અફેર્સને મોકલવાની હોય છે.

(૨) ફેલોશીપમાં લાભ મેળવેલ વિદ્યાર્થીનો અભ્યાસ ચાલુ છે કે અધ વચ્ચેથી છોડી દીધેલ છે? અને જો ચાલુ હોય તો વિદ્યાર્થીનો પ્રગતિ અહેવાલ ગાઇડ પાસેથી મેળવી રજુ કરવાનો રહેશે.

(૩) ફેલોશીપ લાભ મેળવેલ વિદ્યાર્થીનો સમયગાળો અભ્યાસક્રમનો નિયત સમયગાળા કરતાં જેમ કે એમફીલ માટે ૨ વર્ષ, પીએચડી માટે મહત્તમ ૫ વર્ષ, એમફીલ પૂર્ણ થયા બાદ પીએચડી માટે ૩ વર્ષ વધી ગયેલ નથી તેની ખાતરી કોલેજ/સંસ્થા/યુનિવર્સિટીનો ડીન કે પ્રિન્સીપાલ પાસે જાણકારી મેળવવાની રહેશે.

(૪) જો વિદ્યાર્થીએ કોઇ કારણસર અધ વચ્ચેથી અભ્યાસ છોડી દીધેલ હશે તો ૫૦% ટકા ફેલોશીપ પાછી રીકવર કરવાની રહેશે.અને તે પ્રકારનું બોન્ડ ફેલોશીપનો પ્રથમ હપ્તો મળ્યાના ત્રીસ દિવસમાં બોન્ડ મેળવવાનું રહેશે.

ઉક્ત બાબત ભારત સરકાર સંદર્ભની હોઇ ટોચ અગ્રતા આપશો.

કમિશ્નર
કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસની કચેરી
ગાંધીનગર,ગુ.રા.